**ક્રમાંક : ૬**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**પ્રથમ સત્ર**
**સોમવાર, તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૮**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદીના અધ્યક્ષપદે**
**સભાગૃહ બપોરના ૧૨–૦૦ વાગ્યે ફરી મળ્યું.**

**૧. તારાંકિત પ્રશ્નોત્તરી**

સોમવાર, તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૮ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ –૧, ૨, ૩, ૪, ૫ અને ૬ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૭થી ૧૯૨ને અતારાંકિત ગણવામાં આવ્યા. પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧–૦૦ કલાકે પૂરો થયો.

**૨. પોઈન્ટ ઓફ ઓર્ડર**

માનનીય સભ્યશ્રી શૈલેષભાઇ પરમારે અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો સન ૧૯૮૫થી ૨૦૦૨ના પાના–૫૮ પરના નિર્ણય ક્રમાંક–૫૫નો સંદર્ભ ટાંકી ધારાસભ્યશ્રીના પ્રશ્નનો મંત્રીશ્રી તરફથી ટૂંકમાં અને મુદ્દાસર જવાબ મળે તે બાબતે પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું.

ત્યારબાદ માનનીય વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ મંત્રીશ્રી દ્વારા વિગતવાર જવાબ આપવામાં આવ્યા છે તેમ જણાવી વધુમાં એમ કહ્યું કે સભ્યશ્રીએ પોતે ઇચ્છે તે મુજબનો જવાબ મળે એવો આગ્રહ ન રાખવો જોઇએ.

પ્રસ્તુત મુદ્દામાં માનનીય વિરોધપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ તેમજ માનનીય રાજયકક્ષાના ગૃહમંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ પોત–પોતાના મંતવ્યો વ્યક્ત કર્યા.

માનનીય અધ્યક્ષશ્રીએ રેકર્ડ ચકાસીને નિર્ણય કરશે તેમ જણાવી નિર્ણય મુલત્વી રાખ્યો.

**૩. તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)**

સભ્યશ્રી કિરીટકુમાર પટેલે નિયમ–૧૧૬ અન્વયે તાજેતરમાં પાટણ જિલ્લામાં સમી તાલુકાના દુદખા ગામના દલિત પરિવારની જમીનની માગણી સંબંધમાં કલેકટર કચેરી સામે એક દલિત યુવાને કરેલ આત્મવિલોપન અને આ યુવાન ગંભીર રીતે દાઝી જતાં સારવાર દરમિયાન તેનું મૃત્યુ થતાં આમ જનતામાં ભય અને રોષની લાગણી ફેલાયેલ છે જે દૂર કરવા રાજય સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં સંબંધમાં તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય મુખ્યમંત્રીશ્રી(ગૃહ)નું ધ્યાન દોર્યું.

માનનીય રાજયકક્ષાના ગૃહમંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલ પ્રશ્નોના જવાબો આપ્યા.

ત્યાર બાદ સભ્યશ્રી જીગ્નેશભાઇ મેવાણીએ પૂરક પ્રશ્ન પૂછતી વખતે ટીકાત્મક ઉચ્ચારણો કરતાં માનનીય અધ્યક્ષશ્રીએ તેમનું માઇક બંધ કરવાની સૂચના આપી અટકાવતાં, વિપક્ષના તમામ સભ્યશ્રીઓ પોતાની જગ્યા પર ઉભા થઇ જતાં માનનીય અધ્યક્ષશ્રી દ્વારા તેમને પોતાનું સ્થાન લેવા વારંવાર વિનંતી કરવા છતાં સભ્યશ્રીઓએ પોતાનું સ્થાન ન લેતાં સભાગૃહની કાર્યવાહી આગળ ચલાવવાનું અશક્ય બનતાં માનનીય અધ્યક્ષશ્રીએ વિરામ સમય સુધી સભાગૃહની બેઠક મુલત્વી રાખી. (બપોરના ૧–૨૮)

**મુલત્વી રહેલ સભાગૃહની બેઠક વિરામ બાદ ૩–૧૫ કલાકે ફરી મળી.**
**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**૪. તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬) (ક્રમશઃ)**

વિરામ બાદ તાકીદની જાહેર અગત્યની બાબત પરની અધૂરી રહેલ ચર્ચા આગળ ચાલી અને માનનીય રાજયકક્ષાના ગૃહમંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ ઉપસ્થિત થયેલ વધુ પ્રશ્નોના જવાબો આપ્યા.

**૫. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીએ સભાગૃહના મેજ ઉપર મૂક્યા.

સન ૧૯૭૨ના ગુજરાત આવશ્યક સેવા જાળવણી અધિનિયમ અન્વયેના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના,

(૧) તા. ૯–૮–૨૦૧૭ના જાહેરનામા ક્રમાંક–જીએચયુ–૨૦૧૭–(૬૪)જીયુવી–૧૧૨૦૧૦–૨૮૬૧–ક(પાર્ટફાઇલ)

(૨) તા. ૫–૨–૨૦૧૮ના જાહેરનામા ક્રમાંક–જીએચયુ–૨૦૧૮–(૧૨)જીયુવી–૧૧૨૦૧૦–૨૮૬૧–ક(પાર્ટફાઇલ)

**માનનીય ઉર્જા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ**

**૬ . વટહુકમ નામંજૂર કરતો પ્રસ્તાવ અને સરકારી વિધેયકો**

**(૧)** (ક) સભ્યશ્રી ઇમરાન ખેડાવાલાએ સન ૨૦૧૭નો વટહુકમ ક્રમાંક–૩ સન ૨૦૧૭નો ગુજરાત નાણાંની ધીરધાર કરનારા બાબત (સુધારા) વટહુકમ નામંજૂર કરતો પ્રસ્તાવ રજૂ કર્યો.

(ખ) માનનીય રાજય કક્ષાના સહકાર મંત્રીશ્રી ઇશ્વરસિંહ પટેલે સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૧–સન ૨૦૧૮નું ગુજરાત નાણાંની ધીરધાર કરનારા બાબત (સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો.

ત્યારબાદ સભ્યશ્રી ઇમરાન ખેડાવાલાએ વટહુકમ નામંજૂર કરતા પ્રસ્તાવના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ માનનીય રાજયકક્ષાના સહકાર મંત્રીશ્રી ઇશ્વરસિંહ પટેલે વિધેયકના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી પરેશભાઇ ધાનાણી (વિરોધપક્ષના નેતાશ્રી) (પ્રવચન અધૂરું)

**૭. પોઇન્ટ ઓફ ઓર્ડર.**

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રદિપસિંહજી જાડેજાએ માનનીય વિરોધપક્ષના નેતાશ્રીનું પ્રવચન બિલના સ્કોપમાં ન હોવાનું જણાવીને પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કર્યો. માનનીય અધ્યક્ષશ્રીએ પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો સ્વીકાર્યો અને માનનીય વિરોધપક્ષના નેતાશ્રીને બિલના સ્કોપમાં બોલવા માટે સૂચના આપવામાં આવી.

**૮ . વટહુકમ નામંજૂર કરતો પ્રસ્તાવ અને સરકારી વિધેયકો (ક્રમશઃ)**

ત્યાર બાદ શ્રી પરેશભાઇ ધાનાણીએ તેમનું અધૂરું રહેલું પ્રવચન પૂરું કર્યું અને નીચેના વધુ સભ્યોએ ચર્ચામાં ભાગ લીધો.

(૨) શ્રી મોહનભાઇ ઢોડિયા
(૩) ડો. અનિલભાઇ જોષીયારા
(૪) શ્રી કુબેરભાઇ ડીંડોર
(૫) શ્રી આનંદભાઇ ચૌધરી
(૬) શ્રી અભેસિંહ તડવી
(૭) શ્રી બ્રિજેશ મેરજા
(૮) શ્રી રમેશભાઇ કટારા
(૯) શ્રી લલીત વસોયા
(૧૦) શ્રી સુખરામભાઇ રાઠવા

ચર્ચાનો જવાબ માનનીય રાજય કક્ષાના સહકાર મંત્રીશ્રી ઇશ્વરસિંહ પટેલે આપ્યો.

ત્યારબાદ, પ્રથમ વટહુકમ નામંજૂર કરતો પ્રસ્તાવ મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ પહેલા અને બીજા વાચનના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ ૨ અને ૩, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ ૨ અને ૩, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

**(૨)** માનનીય રાજય કક્ષાના સહકાર મંત્રીશ્રી ઇશ્વરસિંહ પટેલે સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૪–સન ૨૦૧૮નું ગુજરાત ખેત ઉત્પન્ન બજાર (સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી પુંજાભાઇ વંશ
(૨) શ્રી બાબુભાઇ પટેલ
(૩) શ્રી વિરજીભાઇ ઠુંમર
(૪) શ્રી મહેશકુમાર રાવલ
(૫) શ્રી લલીત વસોયા
(૬) શ્રી મોહનભાઇ ઢોડિયા
(૭) શ્રી લલીતભાઇ કગથરા

UNEDITED VERSION - NOT FOR PUBLICATION

ચર્ચાનો જવાબ માનનીય રાજ્ય કક્ષાના સહકાર મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલે આપ્યો.

ત્યારબાદ પહેલા અને બીજા વાચનના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ ૨, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ ૨, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

**સભાગૃહ, મંગળવાર, તા. ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૧૮ના રોજ બપોરના ૧૨–૦૦ વાગ્યે ફરી મળવા માટે સાંજના ૬–૫૬ વાગ્યે મુલત્વી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૮**

**ડી.એમ.પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**